# ભાજપમાં સરકાર રચના માટે મંથન



## મોદીની અડવાણી મુરલી મનોહર જોષી સહિત વરિષ્ઠ નેતાઓ વચ્ચે વાતચીતનો સિલસિલો જારી : અડવાણીના નિવાસસ્થાને વિસ્તૃત વાતચીત : અમિત શાહ અને ધર્મેન્દ્ર પ્રધાન સાથે પણ લાંબી ચર્ચા : કેબિનેટની રચનાની પ્રક્રિયા વિધિવત રીતે શરૂ કરાઈ

નવીદિલ્હી, તા. ૧૮

નિયુક્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને અન્ય ટોચના નેતાઓ સાથે વાતચીત કરી હતી. તેમના ચાવીરુપ અને નજીકના સાથી અમિત શાહ સહિત પક્ષના નેતાઓ સાથે વાતચીત કર્યા બાદ સરકારની રચનાની પ્રક્રિયા આગળ વધી રહી છે. મળેલી માહિતી મુજબ અડવાણી સાથેની વાતચીતમાં નરેન્દ્ર મોદીએ કેટલાક મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હોવાનું જાણવા મળ્યું છે. જો કે, આ સંદર્ભમાં કોઈ વિગત મળી નથી. સરકારની રચનાના સંદર્ભમાં વાતચીત થઇ છે. અડવાણી સાથે વાતચીત કર્યા બાદ નરેન્દ્ર મોદી ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને પણ મળ્યા હતા. બપોરના ગાળામાં મોદી અડવાણીને મળવા અડવાણીના નિવાસસ્થાન ઉપર દોડી ગયા હતા. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપની સ્પષ્ટ બહુમતિ મળ્યાના બે દિવસ બાદ આ બેઠક યોજાઈ હતી. આ બેઠકને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ભાજપમાં હાલમાં બેઠકોનો દોર ચાલી રહ્યો છે. મુખ્ય વાતચીત સરકારની રચના અંગે થઈ રહી છે. પક્ષ પ્રમુખ રાજનાથસિંહ પણ વાતચીત કરી રહ્યા છે. લાલકૃષ્ણ અડવાણીને કઈ ભૂમિકા આપવામાં આવે તેને લઈને પણ ચર્ચા ચાલી રહી છે.

ભાજપના મહામંત્રી અનંતકુમારે અડવાણી સાથે વાતચીત

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

સુખી થવાનો સચોટ ઉપાય... અપેક્ષાની ઉપેક્ષા કરતાં શીખી જવું

- માનસસૂત્ર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૬૮ | ૧૯ મે, ૨૦૧૪, સોમવાર; વૈશાખ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

**● ચૂંટણી પંચની વેબસાઈટ પર રેકોર્ડ હીટ**

આ વખતની લોકસભા




ચૂંટણી ઘણાખરા અર્થમાં ખુબ રોચક રહી છે. ભારતના નાગરિકોએ ચૂંટણીના પરિણામો જાણવા માટે ભારતના ચૂંટણી પંચની વેબસાઈટનો મહત્તમ ઉપયોગ કર્યો હતો. પરિણામના દિવસે એટલે કે ૧૬મી મે ના રોજ ચૂંટણીપંચની વેબસાઈટને રેકોર્ડ ૪૫ કરોડ જેટલી હીટ્સ મળી હતી.

**● પ્રિયંકાને નેતૃત્વ સોંપવા માંગ**

લોકસભાની ચૂંટણીમાં



કારમા પરાજય બાદ રાહુલ ગાંધીની સામે કાર્યકર્તાઓનો વિરોધ ખુલીને સામે આવ્યો છે. કાલે દિલ્હીમાં કાર્યકર્તાઓએ રાહુલ હટાવોના નારા લગાવ્યા હતા. જ્યારે આજે અલ્હાબાદમાં પ્રિયંકા ગાંધીને પાર્ટીનું નેતૃત્વ સોંપવા માટે માંગ કરવામાં આવી છે.

**● અખિલેશ યાદવના રાજીનામાની માંગ**


ઉત્તરપ્રદેશમાં ભાજપના



ભવ્ય વિજય બાદ સમાજવાદી પાર્ટી પર દબાણ આવ્યુ છે. રાજ્યના મુખ્યમંત્રી અને સપા સુપ્રિમો મુલાયમસિંહ યાદવના પુત્ર અખિલેશકુમારના રાજીનામાની માંગ ભાજપના નેતા કલરાજ મિશ્રાએ કરી છે.

**● ડીએમકેના ધારાસભ્ય સ્ટાલીનનું રાજીનામુ**

ચૂંટણીના પરિણામોએ



પ્રાદેશિક પક્ષોના પાયાઓને હચમચાવી નાખ્યા છે. જયલલિતા અને મમતા બેનર્જીના પક્ષ સિવાયના પક્ષોએ ચૂંટણીમાં ખુબ ખરાબ પ્રદર્શન કર્યુ છે. કરૂણાનિધિના પક્ષ ડીએમકેનો દેખાવ પણ ખુબ નિરાશાજનક રહ્યો છે. કરૂણાનિધિના પુત્ર સ્ટાલિને ખરાબ દેખાવ બદલ ધારાસભ્યપદેથી રાજીનામુ આપી હારની જવાબદારી સ્વીકારી છે.

# નવા મુખ્યમંત્રી પદે આનંદીબેન નિશ્ચિત

## ભાજપના વરિષ્ઠ નેતાઓની ધારાસભ્ય સાથે બેઠક યોજાયા બાદ નામની જાહેરાત થશે



ગાંધીનગર, તા. ૧૮

નરેન્દ્ર મોદી દેશના ભાવિ પી.એમ. બનવાના હોવાથી આગામી તા. ૨૧ મે ના રોજ વિધાનસભામાં યોજાનારી ખાસ બેઠકમાં મોદી મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપશે ત્યારે લોકસભાની ચૂંટણીના પરિણામો બાદ ગુજરાતના સી.એમ. કોણ બનશે તે મામલે અનેક અટકળો ચર્ચાસ્થાને છે. જ્યારે મુખ્યમંત્રી પદ માટે અત્યારસુધી ટોપ પ્રાયોરિટીમાં ચાલતુ આનંદીબેન પટેલનું નામ હવે નિશ્ચિત હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.

સમગ્ર દેશમાં ભાજપને સ્પષ્ટ જનાદેશ પ્રાપ્ત થતા દિલ્હીમાં નવી સરકાર રચાવાની સાથે લાંબા સમય બાદ ગુજરાતમાં પણ મોટી રાજકીય ઉથલ-પાથલ જોવા મળશે. પી.એમ. પદે આરૂઢ થતા પૂર્વે નરેન્દ્ર મોદી આગામી તા. ૨૧ મે ના રોજ વિધાનસભાની ખાસ બેઠક દરમિયાન મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપશે. જ્યારે ગુજરાતના નવા મુખ્યમંત્રીનું નામ પણ ટુંકમાં જાહેર થશે. આ દરમિયાન રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે હાલના મંત્રીમંડળમાં સિનિયર આનંદીબેન પટેલ, સંગઠનના સ્ટેટ જનરલ સેક્રેટરી ભીખુભાઈ દલસાણીયા, નાણામંત્રી નીતિન પટેલ તેમજ ઉર્જામંત્રી સૌરભ પટેલનું નામ અત્યાર સુધી વિચારણા હેઠળની યાદીમાં હોવાનું મનાઈ રહ્યું હતું. મોદીના રાજીનામા બાદ આ મામલે ભાજપના વરિષ્ઠ નેતા થાવરચંદ ગેહલોત અને પ્રભારી ઓમ માથુર

● અનુસંધાન પાન-૭ પર

### ભાવિ પી.એમ. અને ભાવિ સી.એમ. શિવ-શક્તિની ઉપાસનામાં !

નરેન્દ્ર મોદી પી.એમ. બનવા જઈ રહ્યા છે ત્યારે ગુજરાતના નવા



મુખ્યમંત્રીના પદ માટે અનેક નામોની અટકળો ચાલી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આજે મોટેરામાં રાજસ્થાન અને મુંબઈ વચ્ચે જંગ

## મોટેરા સ્ટેડિયમ ઉપર તમામ તૈયારીઓ પૂર્ણ : વર્તમાન ચેમ્પિયન મુંબઈ ઇન્ડિયન્સના સ્ટાર ખેલાડીઓ દેખાવ સુધારવા ઇચ્છુક : રોહિત શર્મા ઉપર નજર રહેશે

અમદાવાદ, તા.૧૮

અમદાવાદમાં મોટેરા સ્ટેડિયમ ઉપર આવતીકાલે રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે જંગ ખેલાનાર છે. રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચમાં અનેક સ્ટાર ખેલાડીઓ છવાઈ જવાની તૈયારીમાં દેખાઈ રહ્યા છે. મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન રોહિત શર્મા ધરઘમ દેખાવ કરવા સજ્જ છે. અમદાવાદમાં રમાનારી આ મેચને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. વેકેશન હોવાથી ક્રિકેટ ચાહકોમાં પણ ભારે ઉત્સુકતા છે. પોલીસ દ્વારા પણ પુરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આઈપીએલમાં હજુ સુધી ટીમોના દેખાવ ઉપર નજર કરવામાં આવે તો તમામ ટીમો લડકાય મૂડમાં દેખાઈ રહી છે. આ વર્ષે ૧૦ મેચ રમ્યા બાદ વર્તમાન ચેમ્પિયન મુંબઈની હાલત ખુબ જ કફોડી બનેલી છે. આ સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ અને રોહિત શર્મા માટે કોઈપણ વાત સારી થઈ નથી. આ વખતે રોહિત શર્મા, પોલાર્ડ અને રાયડુ જેવા ખેલાડીઓ પણ સંઘર્ષ કરતા નજરે પડ્યા છે. જ્યારે બોલિંગ મોરચે પણ માલિંગા અને હરભજનસિંહ તેમની વચ્ચે અપેક્ષા કરતા ઓછી વિકેટો લઈ શક્યા છે. મુંબઈને હવે બાકીની તમામ મેચો જીતવાની જરૂર છે. આગામી તબક્કામાં પહોંચવા માટે અન્ય ટીમોના ખરાબ દેખાવની પણ જરૂર પડશે. રાજસ્થાન રોયલ્સ સારી સ્થિતિમાં છે.



મોટેરા સ્ટેડિયમ ખાતે રમાનારી મેચને લઇને ક્રિકેટરો તૈયારીમાં વ્યસ્ત

# ગાંધીનગર આરટીઓની એક વર્ષની ૮૨.૨૦ કરોડની આવક

## વિવિધ પ્રકારના ટેક્ષ અન્વયે રૂ. ૭૪ કરોડ વસુલ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની હાઈટેક આર.ટી.ઓ. કચેરીએ છેલ્લા એક વર્ષમાં રૂ. ૮૨.૨૦ કરોડની આવક કરી છે. આ રકમ પૈકી મોટાભાગની આવક ટેક્ષમાંથી થઈ છે. જ્યારે પસંદગીના નંબરો માટેની હરાજી અન્વયે પણ ૧.૨૩ કરોડની આવક મેળવી હોવાનુ ધ્યાને આવ્યું છે.

રાજ્યમાં પ્રથમ નમૂનારૂપ આર.ટી.ઓ. કચેરી ગાંધીનગરમાં કાર્યરત થયા બાદ અરજદારોનો સમય ન બગડે તેમજ કામગીરીનો ઝડપી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનું જણાવાઈ રહ્યું છે. જો કે હાઈટેક કહેવાતી આ આર.ટી.ઓ. કચેરીમાં અનેકવાર ઉદ્ભવતી ટેકનિકલ ક્ષતિઓના લીધે અરજદારોએ પારાવાર હાલાકી વેઠવી પડતી હોવાનો આક્રોશ પણ દિનપ્રતિદિન પ્રબળ બની રહ્યો છે. આર.ટી.ઓ. કચેરીના એ.આર.ટી.ઓ. તરીકે પ્રથમવાર મહીલા એ.આર.ટી.ઓ. ઋત્વીજા દાણી હાલ ફરજ સંભાળી રહ્યા છે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન આર.ટી.ઓ. કચેરીએ રૂ. ૮૨.૨૦ કરોડની આવક મેળવી હોવાનુ ધ્યાને આવ્યું છે. એ.આર.ટી.ઓ. ઋત્વીજા દાણીના જણાવ્યા મુજબ વર્ષ દરમિયાન વિવિધ પ્રકારના ટેક્ષ અન્વયે કચેરીએ રૂ. ૭૪ કરોડની આવક મેળવી છે. જ્યારે લાયસન્સ સહીતની ફી તેમજ પસંદગીના નંબરો અન્વયે રૂ. ૭ કરોડ તેમજ દંડ પેટે પણ રૂ. ૧ કરોડની વસુલાત કરવામાં આવી છે. આમ આર.ટી.ઓ. કચેરીએ વર્ષ દરમિયાન નોંધપાત્ર આવક પ્રાપ્ત કરી છે.

# અક્ષરધામ કેસમાં ગુજરાત પોલીસની સુપ્રીમમાં નિંદા

અમદાવાદ, તા.૧૮

વર્ષ ૨૦૦૨માં અક્ષરધામ ઉપર કરવામાં આવેલા આતંકવાદી હુમલા કેસના સંબંધમાં છ શખ્સોને નિર્દોષ છોડતી વેળા સુપ્રીમ કોર્ટે ગુજરાત પોલીસની જોરદાર ઝાટકણી કાઢી હતી. આત્મઘાતી હુમલાખોરોના મૃતદેહ પાસેથી મળી આવેલા બે ઉર્દૂ પત્રોની રિકવરીની સાથે સાથે એનએસજીના બે અધિકારીઓને સાક્ષી નહીં બનાવવા બદલ ગુજરાત પોલીસની ઝાટકણી કાઢવામાં આવી હતી. બ્રિગેડિયર રાજ સીતાપથી અને મેજર જયદીપ લાંબાની અવગણના કરવા બદલ પણ પોલીસની ઝાટકણી કાઢવામાં આવી હતી. આ લોકોને પત્રો મળી આવ્યા હતા અને તપાસ કારોને આ પત્રો સોંપવામાં આવ્યા હતા.

તપાસકારોએ આ સાક્ષીઓના નિવેદન પણ નોંધ્યા ન હતા. સીતાપથીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા પરંતુ સાક્ષી તરીકે તેમની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા.

૨૦૦૨માં આત્મઘાતી હુમલાખોરે અક્ષરધામ મંદિર ઉપર હુમલો કર્યો હતો જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના મોત થયા હતા.




ગાંધીનગર માટે

આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો

૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઇલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧